# સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના માનનીય ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલના દ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન અને સતત પ્રોત્સાહન હેઠળ સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ, ગાંધીનગર દ્વારા તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે એક મહત્વપૂર્ણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આત્મહત્યા નિવારણ, માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક તણાવના પ્રારંભિક સંકેતોની ઓળખ તથા સમયસર યોગ્ય વ્યાવસાયિક મદદ મેળવવા અંગે જાગૃતિ કેળવવાનો હતો. આ પહેલ સંસ્થાની માનસિક સુખાકારી, વિદ્યાર્થી કલ્યાણ, સામાજિક જાગૃતિ અને સંવેદનશીલ, જવાબદાર તથા સામાજિક રીતે જાગૃત નર્સિંગ પ્રોફેશનલ્સના ઘડતર પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ કાર્યક્રમનું આયોજન જીવન આસ્થા અને મેન્ટલ હેલ્થ એન્ડ વેલ્થ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત બેન્ડ સાથેની જાગૃતિ રેલી દ્વારા કરવામાં આવી હતી, જેમાં કોલેજના આશરે ૩૦૦ નર્સિંગ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલીનું આયોજન સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના આસપાસના વિસ્તારમાં કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ આત્મહત્યા નિવારણ, માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને સમયસર મદદ મેળવવાના મહત્વનો સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તથા નિષ્ણાત મહેમાનો તરીકે આર.આઈ. દેસાઈ, Dy. SP, Headquarters, Gandhinagar; ડૉ. પાર્થ વૈષ્ણવ, જાણીતા મનોચિકિત્સક તથા NIMHANS, બેંગ્લુર ખાતે Deaddiction Psychiatry માં પ્રશિક્ષિત; ચીફ મેડિકલ ઓફિસર, ગુજરાત વિધાનસભાના ડૉ. અનિલ ચૌહાણ, પ્રોફ. જીગર પરીખ; તથા કડી સર્વવિશ્વવિદ્યાલયના એકટીવીટી કૉઓર્ડીનેટર પ્રવીણ વાલેરા, ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ડૉ. રાજેશ રાવલ, પ્રિન્સિપાલ, સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવવામાં નર્સિંગ વિદ્યાર્થીઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે ભાવનાત્મક તણાવના પ્રારંભિક ચેતવણીરૂપ સંકેતો ઓળખવા, જરૂરિયાતમંદ વ્યક્તિને સહાનુભૂતિપૂર્વક સહાય કરવા તથા યોગ્ય સમયે વ્યાવસાયિક માર્ગદર્શન મેળવવા અંગે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા.

આર.આઈ. દેસાઈ, Dy. SP, Headquarters, Gandhinagarએ પોતાના સંબોધનમાં આત્મહત્યા નિવારણ માટે સામાજિક જવાબદારી, સમયસર હસ્તક્ષેપ, ખુલ્લો અને સકારાત્મક સંવાદ તથા સામૂહિક પ્રયાસોના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભાવનાત્મક મુશ્કેલીમાંથી પસાર થતી વ્યક્તિ પ્રત્યે સંવેદનશીલતા રાખવા અને જરૂરિયાતના સમયે યોગ્ય સહાય પૂરી પાડવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રવીણ વાલેરા, Activity Coordinator, KSV, Gandhinagarએ પણ વિદ્યાર્થીઓને ભાવનાત્મક સહયોગ, સકારાત્મક સંવાદ, પીઅર સપોર્ટ તથા માનસિક અને ભાવનાત્મક પડકારોનો સામનો કરી રહેલી વ્યક્તિઓ માટે સુરક્ષિત અને સહાયક વાતાવરણ ઊભું કરવાના મહત્વ અંગે જાગૃત કર્યા હતા.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ડૉ. પાર્થ વૈષ્ણવ, Psychiatrist દ્વારા આપવામાં આવેલ નિષ્ણાત વ્યાખ્યાન રહ્યું હતું. તેમણે આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય અંગે માહિતીસભર અને માર્ગદર્શક સત્ર રજૂ કર્યું હતું. NIMHANS, Bengaluru ખાતે Deaddiction Psychiatryમાં પ્રાપ્ત વિશેષ તાલીમ અને પોતાના વ્યાવસાયિક અનુભવના આધારે ડૉ. વૈષ્ણવે આત્મહત્યાના વિચારો સાથે સંકળાયેલા પરિબળો, ચેતવણીરૂપ સંકેતો, કોઈ વ્યક્તિને નિષ્પક્ષ અને નિર્ણયાત્મક વલણ વિના સાંભળવાનું મહત્વ, સમયસર હસ્તક્ષેપ તથા આત્મહત્યા નિવારણમાં પરિવાર, મિત્રો, શિક્ષકો અને આરોગ્ય વ્યવસાયિકોની ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમના સંવાદાત્મક સત્ર દ્વારા વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પ્રત્યે સહાનુભૂતિ, સંવેદનશીલતા અને બિન-નિર્ણાયક અભિગમ અપનાવવા માટે પ્રેરણા મળી હતી.

આ કાર્યક્રમમાં આશરે ૩૦૦ નર્સિંગ વિદ્યાર્થીઓની ઉત્સાહભેર ભાગીદારી સંસ્થાની સર્વાંગી વિદ્યાર્થી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. સંસ્થા માત્ર તબીબી અને નર્સિંગ ક્ષેત્રે કુશળ પરંતુ સાથે સાથે સંવેદનશીલ, સહાનુભૂતિપૂર્ણ, સામાજિક રીતે જવાબદાર અને સમુદાયના કલ્યાણ માટે પ્રતિબદ્ધ આરોગ્ય વ્યવસાયિકો તૈયાર કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

સમગ્ર કાર્યક્રમનું એંકરિંગ ડૉ. દ્રષ્ટિ પટેલ, Faculty of Nursing દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. તેમણે કાર્યક્રમના સમગ્ર સંચાલન અને સુચારુ આયોજનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અંતે આભારવિધિ (VOe of Thanks) દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, નિષ્ણાત વક્તાઓ, આયોજકો, ફેકલ્ટી સભ્યો, વિદ્યાર્થીઓ તથા સહયોગી સંસ્થાઓનો આ કાર્યક્રમને સફળ, અર્થપૂર્ણ અને પ્રભાવશાળી બનાવવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.